| **Headline:** NSE guided start-ups and SMEs in Vibrant Gujarat Start-up Summit 2016 | |
|---|---|
| **Source:** Divya Bhaskar | **Date:** 26 October 2016 |

કોર્પોરેટ ન્યૂઝ

# NSEએ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ સમીટ 16માં સ્ટાર્ટઅપ-SMEને માર્ગદર્શન આપ્યું

મુંબઈ | ભારતના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.એ સ્ટાર્ટઅપ અને એસએમઈને તેમનો કારોબાર વિસ્તારવામાં મદદરૂપ થવા તથા પારદર્શિ પ્રક્રિયાથી તેમની ભંડોળની જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે વધુ એક પહેલ કરી છે. એનએસઈએ ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ સમીટ 2016 દરમિયાન એક વર્કશોપનું આયોજન કર્યું હતું જેમાં 100થી વધુ સ્ટાર્ટઅપ અને એસએમઈએ લાભ લીધો હતો. જેમાં એસએમઈ ઈમર્જ પ્લેટફોર્મ અંગે વિગતો આપવામાં આવી હતી. જેના માધ્યમથી સ્ટાર્ટઅપ અને એસએમઈ ભંડોળ એકત્ર કરવાની વૈકલ્પિક તક મેળવે છે અને વેપારને બળ પણ આપી શકે છે.